For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતમાં 1 કરોડથી વધુ કિંમતની 229 કાર દોડે છે

સુરતીઓનો મોંઘી ઈમ્પોર્ટેડ કારનો શોખ, 1 કરોડથી 7 કરોડ સુધીની કાર ખરીદી

સૌથી વધુ 5 લેમ્બોર્ગિની, ત્યાર બાદ મર્સિડીઝનો ક્રેઝ

સુરતઃ RTOના ડેટા મુજબ સુરતમાં હાલ 1 કરોડથી વધુ કિંમતની કુલ 229 લક્ઝરી કાર દોડે છે. જેમાં લેમ્બોર્ગિની, રોલ્સ રોયસ, બેન્ટલી, બેન્ટલી, રેન્જ રોવર અને મર્સિડીઝ મેબેક જેવી બ્રાન્ડ સામેલ છે. હીરા અને કાપડના વેપારથી આવેલી સમૃદ્ધિ હવે સુરતના રસ્તા પર સુપરકારના રૂપમાં દેખાઈ રહી છે. હીરા નગરી સુરતમાં હવે કરોડોની ઈમ્પોર્ટેડ કારનો ટ્રેન્ડ તેજ બન્યો છે. આરટીઓ સુરતના ટોપ-18 સૌથી મોંઘી કારના ડેટા પર નજર કરીએ તો દરેક કારની કિંમત 1 કરોડથી લઈને 7 કરોડ સુધીની છે. આ લિસ્ટમાં ઈટાલિયન, બ્રિટિશ અને જર્મન બ્રાન્ડનો દબદબો છે, પણ સુરતીઓના દિલ પર રાજ કરે છે લેમ્બોર્ગિની.



રોલ્સ રોયમાં ફરતા ગોવિંદ ધોળકિયા પાસે સુરતની સૌથી મોંઘી કાર

આખા લિસ્ટમાં સૌથી મોંઘી અને નંબર-1 કાર રોલ્સ રોયસ ફેન્ટમ છે, જેની કિંમત 6.57 કરોડ રૂપિયા છે. આ કાર GJ05JH0001 નંબર સાથે જાણીતા હીરા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ એલ. ધોળકિયાના નામે રજિસ્ટર્ડ છે. 2014માં રજિસ્ટર્ડ આ સફેદ રોલ્સ રોયસ આજે પણ સુરતની સૌથી મોંઘી કાર છે. આ ઉપરાંત 3.12 કરોડની બેન્ટલી ફ્લાઇંગ સ્પુર અને 2.89 કરોડ અને 2.83 કરોડની બે રેન્જ રોવર એસવી પણ ટોપ-10 માં છે. એક સમયે માદુતિને લક્ઝરી ગણતું સુરત આજે 7 કરોડની કારનું શહેર બની ગયું છે, જે શહેરની બદલાયેલી સમૃદ્ધિની નિશાની છે.

ટોપ-18માં લેમ્બ્રોર્ગિનીનો દબદબો

સુરતની ટોપ-18 સૌથી મોંઘી કારમાં એકલા લેમ્બોર્ગિની બ્રાન્ડની 5 કાર છે. બીજા નંબરથી સાતમા નંબર સુધી સળંગ લેમ્બોર્ગિની જ છે. 4.25 કરોડની Urus SE, 3.38 કરોડની Huracan LP 610/4, 3.33 કરોડ અને 3.29 કરોડની બે Urus S અને 3.30 કરોડની Huracan અને 3.29 કરોડની Huracan Tecnica. આ તમામ કાર સનશાઈન કોલમાઈન, ધ્વનિલ પટેલ, લવજીભાઈ ડાલિયા જેવા મોટા ઉદ્યોગપતિઓના નામે રજિસ્ટર્ડ છે.

બિઝનેસ મિટિંગ, ફેમિલી ટ્રિપ માટે મર્સિડીઝ પહેલી પસંદ

લેમ્બોર્ગિની પછી સુરતીઓની બીજી સૌથી વધુ પસંદ મર્સિડીઝ છે. ટોપ-18 માં મર્સિડીઝ-મેબેક એસ-ક્લાસ, જી-વેગન G63 AMG અને GLS મેબેક જેવી 4 થી 5 કાર સામેલ છે. સુરતના વેપારીઓને લક્ઝરી સાથે કમ્ફર્ટ જોઈએ છે અને મર્સિડીઝ એ જરૂરિયાત પૂરી કરે છે. લાંબી બિઝનેસ મિટીંગ અને ફેમિલી ટ્રિપ માટે મર્સિડીઝ તેમની પહેલી પસંદ બની છે.

50 લાખથી વધુ કિંમતની 20 ટેસ્લા શહેરમાં દોડે છે

પેટ્રોલ-ડીઝલની મોંઘી સુપરકારની સાથે હવે સુરતીઓમાં ઈલેક્ટ્રિક કારનો ક્રેઝ પણ વધ્યો છે. શહેરમાં હાલ 50 લાખથી વધુ કિંમતની કુલ 20 ટેસ્લા કાર રજિસ્ટર્ડ છે. પર્યાવરણ પ્રત્યે જાગૃત ઉદ્યોગપતિઓ હવે લક્ઝરી સાથે ગ્રીન ડ્રાઈવિંગને પણ મહત્વ આપી રહ્યા છે.



ડાયમંડ સિટી બની સુપર કાર સિટી


મૃતક વકીલ અશોક પટેલ


મૃતક પુત્રી રીતિકા


ઈજાગ્રસ્ત પુત્ર વેદાંત

સુરતના પટેલ પરિવારની કાર ખીણમાં ખાબકી, પિતા-પુત્રી સહિત 4નાં મોત

કતારગામની શિવાલિક રેસિડેન્સીમાં રહેતા વકીલ અશોકભાઈ પટેલ પરિવાર સાથે દિવાળી વેકેશનમાં ચારધામની યાત્રાએ નીકળ્યા હતા.

કાર ખીણ બાદ ભાગીરથી નદીમાં પડતાં અશોકભાઈ અને પુત્રી રીતિકાનું મોત, 17 વર્ષીય પુત્ર વેદાંત ગંભીર રીતે ઘાયલ, તેમના પત્ની હજી લાપતા

સુરત: દિવાળીના વેકેશનમાં પરિવાર સાથે ચારધામની યાત્રાએ નીકળેલા સુરતના પટેલ પરિવાર માટે ધાર્મિક પ્રવાસ મોતની મુસાફરી બની ગયો હતો. ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં ગંગોત્રી નેશનલ હાઇવે પર ગંગનાની નજીક ગુરુવારે

...અનુસંધાન પાના ૧૩ પર




અકસ્માતની રાત્રે વેદાંતે ઇન્સ્ટાગ્રામ પર પરિવાર સાથેના ફોટા અપલોડ કર્યા હતા

ઉત્તરાખંડમાં ગોઝારા અકસ્માતનો ભોગ બનેલા પટેલ પરિવારની યાત્રાની ખુશી સોશિયલ મીડિયા પર પણ જોવા મળી હતી. અકસ્માતની રાત્રે જ વેદાંતે પોતાના ઇન્સ્ટાગ્રામ પેજ પર 'નેક્સ્ટ સ્ટોપ'લખીને પરિવાર સાથે લીધેલી તસવીરો અપલોડ

...અનુસંધાન પાના ૧૩ પર

સવારે પાંચ વાગ્યે વેદાંતને રીલ મોકલી, છેલ્લો રિપ્લાય પણ મળ્યો હતો



અકસ્માતની ઘટનાએ પાડોશીઓને પણ સ્તબ્ધ કરી દીધા છે. પાડોશીઓએ જણાવ્યું હતું કે, ગુરુવારે સવારે પાંચ વાગ્યે તેમણે વેદાંતને સોશિયલ મીડિયા પર એક રીલ મોકલી હતી. વેદાંતે તેનો જવાબ પણ આપ્યો હતો. જોકે, એ સંવાદ વેદાંતનો છેલ્લો રિપ્લાય બની રહેશે તેવી કોઈને

...અનુસંધાન પાના ૧૩ પર

સીસીટીવીમાં કેદ થઈ પરિવારની છેલ્લી ખુશીની પળો, સવારે પાંચ વાગ્યે બેગ લઈને હસતા ચહેરે લિફ્ટમાંથી બહાર નીકળ્યો હતો પરિવાર



ચારધામની યાત્રા દરમિયાન ગોઝારા અકસ્માતનો ભોગ બનેલા કતારગામના પટેલ પરિવારની કેટલીક ખુશીની પળો શિવાલિક રેસિડેન્સીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. અકસ્માતના સમાચાર બાદ ગુજરાતમિત્રના રિપોર્ટરે શિવાલિક બિલ્ડિંગની મુલાકાત લઈ રહીશો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન બિલ્ડિંગના સીસીટીવી ફૂટેજમાં પરિવારની યાત્રા પહેલાંની ખુશીની પળો જોવા મળી હતી. સીસીટીવી ફૂટેજમાં

...અનુસંધાન પાના ૧૩ પર

દિવાળીના વેકેશનમાં લઈને તન-મન, ચાલો વતન...ચાલો વતન...



સુરત એક એવું શહેર છે કે જ્યાં ગુજરાતના અન્ય વિસ્તારોમાંથી તો ઠીક પણ દેશના 22થી વધુ રાજ્યો અને ત્રણ પડોશી દેશના લોકો પણ રહે છે. વતનથી દૂર કામ-ધંધા માટે સુરત આવેલા લોકો જ્યારે પણ તહેવાર હોય ત્યારે તેમને વતન સાંભરે છે. આ વખતે દિવાળીનું વેકેશન પડતાં જ સુરતમાં રહેતા લોકો પોતાના વતન જઈ રહ્યા છે. ટ્રેન, બસ કે પછી જે મળે તે લોકો વતન જવા માટે થનગની રહ્યા છે. સુરતમાં સૌરાષ્ટ્રવાસીઓ માટે વતન જવા એસટી વિભાગ દ્વારા સ્પેશિયલ બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં લંબેહનુમાન રોડના એસટી ડેપો ખાતેથી લોકો બસમાં બેસીને સૌરાષ્ટ્ર જઈ રહ્યા છે. (તસવીર: સતીષ જાદવ)

ધીમા પગલે ઠંડીનું આગમન, બે દિ'માં રાત્રિનું તાપમાન બે ડિગ્રી ઘટ્યું

મહત્તમ તાપમાન ત્રણ દિવસથી ૩૬ ડિગ્રીની આસપાસ

અલનીનોની અસરથી ઋતુચક્ર ખોરવાતાં શિયાળાની શરૂઆતમાં વિલંબ

સુરતઃ સુરત શહેરમાં ધીમે ધીમે ઠંડીના આગમનના સંકેતો મળી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં રાત્રિના તાપમાનમાં ક્રમશઃ બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, જ્યારે બપોરના સમયે ગરમીનો અહેસાસ યથાવત્ રહ્યો છે.

શહેરમાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૨૩.૬ ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ, મહત્તમ તાપમાનમાં પણ અડધા ડિગ્રીનો ઘટાડો થતાં ૩૬.૩ ડિગ્રી નોંધાયું હતું. સતત ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીની આસપાસ રહેતાં દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૮ ટકા નોંધાયું હતું અને મંદ ગતિએ પવન ફૂંકાયા હતા. હવામાનની વર્તમાન પેટર્નમાં દિવસ અને રાતના તાપમાન વચ્ચેનો તફાવત સ્પષ્ટ થઈ રહ્યો છે. રાત્રિના તાપમાનમાં ઘટાડો થતાં વહેલી સવારે અને મોડી રાત્રે આંશિક ઠંડકનો અનુભવ થવા લાગ્યો છે, પરંતુ બપોરના સમયે સૂર્યના તાપને કારણે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આમ, સુરતમાં અત્યારે બપોરે ગરમી અને રાત્રે ઠંડક એમ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સામાન્ય રીતે નવેમ્બરની શરૂઆતમાં શિયાળાની ઠંડીનો અહેસાસ શરૂ થઈ જતો હોય છે, પરંતુ આ વર્ષે ઠંડીનું આગમન મોડું થઈ રહ્યું છે. અલનીનોની અસરને કારણે હવામાન અને ઋતુચક્રમાં ફેરફાર થયો હોવાનું માનવામાં આવે છે. પરિણામે નવેમ્બર મહિનામાં પણ તાપમાન ઊંચું રહેતાં શિયાળાની નિયમિત શરૂઆતની રાહ જોવી પડી રહી છે.



આજે ધનતેરસ સુરતીઓ 180 કરોડથી વધુના સોના-ચાંદીની સાથે દાગીના ખરીદે તેવો અંદાજ

સોના-ચાંદીના સિક્કા, લગડી અને લાઇટવેઇટ જ્વેલરીની ખરીદી વધવાની આશા

લગ્નસરા માટે 18 કેરેટ જ્વેલરીની ડિમાન્ડ, લેબગ્રોન ડાયમંડ જડિત સિલ્વર જ્વેલરી પણ આકર્ષણનું કેન્દ્ર બનશે

ધનતેરસે જ્વેલરી બજારનું સંભવિત શું ચિત્ર રહેશે?

- રૂ.150-180 કરોડ અંદાજિત સરેરાશ વેપાર થશે.
- સોના-ચાંદીના સિક્કા અને લગડીની ખરીદી
- 18 કેરેટ લાઇટવેઇટ જ્વેલરીની વધુ માંગ
- 9 અને 14 કેરેટ જ્વેલરીનું આકર્ષણ
- લેબગ્રોન ડાયમંડ જડિત સિલ્વર જ્વેલરી
- ચાંદીના ભગવાનનાં ઘરેણાંની ખરીદી
- લગ્નસરાના નવા ઓર્ડર અને અગાઉનાં બુકિંગની ડિલિવરી

સુરતઃ દિવાળીના પર્વમાં આવતીકાલે શુક્રવારે ધનતેરસના શુભ મુહૂર્તે સુરતના જ્વેલરી બજારમાં ઘરાકીનો માહોલ જામવાની વેપારીઓને આશા છે. સોના-ચાંદીના ભાવમાં તાજેતરમાં આવેલા ઘટાડા અને લગ્નસરાની આગામી સિઝનને પગલે આ વર્ષે ધનતેરસે સુરતમાં સોના-ચાંદીનો સરેરાશ રૂ.150થી 180 કરોડનો વેપાર થવાનો અંદાજ જ્વેલર્સ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. ખાસ કરીને સોના-ચાંદીના સિક્કા, લગડી, ભગવાનનાં ઘરેણાં અને લાઇટવેઇટ જ્વેલરીની ખરીદીમાં તેજી રહેવાની સંભાવના છે.

અમેરિકામાં રાજકીય ઘટનાક્રમ બાદ સોના-ચાંદીના ભાવમાં આવેલી વધઘટ વચ્ચે હાલ સોનું તેની ઓલટાઇમ હાઇ સપાટી કરતાં નીચું હોવાથી ગ્રાહકો માટે ખરીદીની તક ઊભી થઈ છે. બીજી તરફ દિવાળી અને લગ્નસરાની ખરીદી એકસાથે આવતાં જ્વેલરી બજારમાં સકારાત્મક માહોલ જોવા મળી રહ્યો છે. પુષ્ય નક્ષત્રના શુભ મુહૂર્ત દરમિયાન જ ધનતેરસ માટે સોના-ચાંદીના સિક્કા, ચાંદીના ભગવાનનાં ઘરેણાં અને અન્ય જ્વેલરીનું બુકિંગ નોંધાયું હતું.

...અનુસંધાન પાના ૧૩ પર

psj
પચ્ચીગર એન્ડ સન્સ
જ્વેલર્સ (સ્નેહલભાઈ)
ધનતેરસ ની શુભ ખરીદી
22 Kt (916) સોનાનો આજનો ભાવ
₹131500/-
પ્રતિ 10 ગ્રામ
મજુરી 8% થી શરૂ
7, ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630

॥ સર્વે ભવન્તુ સુખિનઃ ॥
ધી રાંદેર પીપલ્સ કો.ઓ. બેંક લિ.
ધનતેરસની શુભેચ્છા.....
સૌ સભાસદો-ગ્રાહકોને દિવાળી
નૂતનવર્ષના અભિનંદન
સહકાર સમૃદ્ધિ
Since 1st August 1923
બેંકની યોજનાઓમાં નવું સોપાન
જદુરામભાઈ જોશી રિકરીંગ સ્કીમ
મધ્યમવર્ગની રોજરોજની મૂલ્યવાન બચત વર્ષાંતે અમૂલ્ય સમૃદ્ધિ લાવશે
૧ વર્ષ ૫.૫૦ %
૨ વર્ષ ૬.૦૦ %
૩ વર્ષ ૬.૫૦ %
સિનિયર સિટીઝન ૦.૫૦ % વધુ વ્યાજ
વિશાલ સેલર ચેરમેન
ઉમેશ દેસાઈ એમ.ડી
મહેશ ભારતી વાઈસ ચેરમેન
સી.વાય.ભટ્ટ, એડવાઈઝર
દિલીપ જરીવાળા, ફા. એડવાઈઝર
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ - કર્મચારી પરિવાર
મુખ્ય કચેરી : ઉમડ ફળિયા, બોટાવાલા માર્ગ, રાંદેર ફોનઃ ૨૭૬૫૯૫૧,૨૭૬૨૬૨૨
સહારા દરવાજા બ્રાંચ : ન્યુ બોમ્બે માર્કેટ, એ-૨૩૨, ઉમરવાડા ફોનઃ ૨૩૨૩૬૪૧,૨૩૩૫૨૧૮

સોના-ચાંદીના ભાવ

૨૪ કેરેટ સોનું (૧૦ ગ્રામ)	૧૨૫૫૦૦
૨૨ કેરેટ સોનું (૧૦ ગ્રામ)	૧૧૫૧૦૦
૧૮ કેરેટ સોનું (૧૦ ગ્રામ)	૯૪૨૦૦
ચાંદી (૧ કિલો)	૧૫૫૦૦૦

દુઃખદ અવસાન/સંયુક્ત બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા ધર્મપત્ની/માતુશ્રી સ્વ.નંદુબેન ડાહ્યાભાઈ પટેલનું તા. ૦૫/૧૧/૨૦૨૬ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૦૭/૧૧/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે નિવાસસ્થાને રાખેલ છે. તા.ક. લૌકિક રિવાજ બંધ છે.

સ્વ. નંદુબેન ડાહ્યાભાઈ પટેલ
જ.તા. ૦૬/૦૭/૧૯૪૯
સ્વ. તા. ૦૫/૧૧/૨૦૨૬

લિ.

ડાહ્યાભાઈ જસમતભાઈ પટેલ (પતિ)
સ્વ. પરસોત્તમભાઈ જશમતભાઈ પટેલ (દિયર)
જિતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ (પુત્ર)
શોભનાબેન જિતેન્દ્રભાઈ પટેલ (પુત્રવધુ)
હિમેશભાઈ પરષોત્તમભાઈ પટેલ (ભત્રીજો)
મમતાબેન હિમેશભાઈ પટેલ (ભત્રીજા વધુ)
બકુલાબેન પરષોત્તમભાઈ પટેલ (દેરાણી)
ઉમેશ જીતેન્દ્રભાઈ પટેલ (પૌત્ર)
દિયા હિમેશભાઈ પટેલ (પૌત્રી)

(પિયર પક્ષ)
ચિંતનભાઈ જયંતીભાઈ પટેલ
જુગીશાબેન ચિંતનભાઈ પટેલ (ભરથાણા)
પુત્રી
સુનીતાબેન, પન્નાબેન, નીલાબેન, શુશીલાબેન

વિસનગર વેસુ, સુરત.
મોબાઈલ નંબર 97257 09850

શ્રદ્ધાંજલિ



તુ જનેતા તુજ માતા ભવે ભવ ભૂલાય ના.. રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તારી, અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ, મન હજુ માનતુ નથી કે તમે અમારી વચ્ચે નથી. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

સ્વ. નંદુબેન ડાહ્યાભાઈ પટેલ
જ.તા. ૦૬/૦૭/૧૯૪૯
સ્વ. તા. ૦૫/૧૧/૨૦૨૬

લિ.

સુનિતાબેન અનિલભાઈ પટેલ (પુત્રી)
અંકિતકુમાર અનિલભાઈ પટેલ (પૌત્ર)
ધારા અંકિતકુમાર પટેલ (પૌત્રવધુ)
કિષ્ના યોગેશકુમાર પટેલ (પૌત્રી)
ગ્રીવા, માહી, નેત્ર

અવસાન,બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પગડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

માસિક શ્રદ્ધાંજલિ



જીવન હરપળે હસતા રહ્યા, સૌને સુખાકારી આપી હૈયે વસતા રહ્યા. તમો જીવન એવું જીવી ગયા કે કદી વિસરાય નહીં. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

સ્વ. જયપ્રકાશ રંગીલદાસ ઈચ્છાપોરીઆ
સ્વ.તા.૦૬-૧૦-૨૦૨૬
(એડવોકેટ એન્ડ નોટરી)

લિ.

જાગૃતિ યાદવ
કિશોર એસ. ધીમર
મહેશ એલ. સોંદલ્યા
દિપક પારેખ
અરવિંદ ચુ. ફર્નીચરવાળા
કિરણ એચ. પટેલ
નવિનચંદ્ર જી. પટેલ
હરીશ વી. ઉમરીગર
જયેશભાઈ કોસાડીયા
અરવિંદ એલ. પટેલ
એડવોકેટસ્ એન્ડ નોટરી પબ્લિક

॥ કાળાયુડા કડવા પાટીદાર ॥ આકસ્મિક અવસાન

''દીકરી વિશ્વા એ ન કશું જોયું, જાણ્યું કે ન માણ્યું, કૃપાળુ એ બે દાયકા નું પરિણામ શૂન્ય આપ્યું.....''



સ્વ. વિશ્વા ધર્મેશભાઈ પટેલ
સ્વ. તા. ૧૮/૧૦/૨૦૨૬

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પરિવારની લાડલી વિશ્વા ધર્મેશભાઈ પટેલનું કેનેડા મુકામે દુઃખદ અવસાન થયેલ છે. વિશ્વાના અકાળે અવસાનથી પરિવારજનો તથા સ્નેહીજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના.

સ્મશાન યાત્રા
તા. ૦૬/૧૧/૨૦૨૬ને શુક્રવારના ના રોજ સાંજે ૫:૩૦ કલાકે
(નિવાસ સ્થાનેથી કુરુક્ષેત્ર જહાંગીરપુરા મુકામે જશે)
(લૌકિક રિવાજ બંધ રાખેલ છે)

લિ. શોકાતુર પરિવાર

કંચનલાલ મગનલાલ પટેલ (દાદા)
ચંદ્રકાંત મગનલાલ પટેલ (દાદા)
ચંદ્રવદન મગનલાલ પટેલ (દાદા)
સ્વ. ચંદ્રમોલેશ્વર મગનલાલ પટેલ (દાદા)
નિરંજનભાઈ મગનલાલ પટેલ (દાદા - કેનેડા)
ધર્મેશભાઈ કંચનલાલ પટેલ (પિતા)
જયગૌરાંગ ચંદ્રકાંત પટેલ (કાકા)
હિમાંશુ ચંદ્રવદન પટેલ (કાકા)
જીગર ચંદ્રમોલેશ્વર પટેલ (કાકા)
હાર્દિક નિરંજનભાઈ પટેલ (કાકા)
ભૌતિક ધર્મેશભાઈ પટેલ (ભાઈ)
તથા સમસ્ત કુંડારિયા પરિવાર

નિવાસ સ્થાન : એ - ૬૦૧, અંકુર હાઈટસ, જહાંગીરપુરા, સુરત. (મૂળ વતનઃ કોસાડ)

॥ ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું ॥



અ.સૌ સ્વ. ભારતીબેન રાજેન્દ્રકુમાર ચીમના
સ્વ. ૦૫-૧૧-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની / અમારા માતુશ્રી અ.સૌ સ્વ. ભારતીબેન રાજેન્દ્રકુમાર ચીમનાનું તા. ૦૫-૧૧-૨૦૨૬ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમની દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી હાર્દિક પ્રાર્થના..

॥ સદ્ગતનું બેસણું ॥
તા. ૦૬-૧૧-૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.

॥ બેસણાનું સ્થળ ॥
ઘમણવાલા એ.સી હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.

લિ. શોકાતુર પરિવાર
રાજેન્દ્રકુમાર મનહરલાલ ચીમના
મિતુલ રાજેન્દ્રકુમાર ચીમના (પુત્ર)
વિષ્ણુકુમાર રાજેશભાઈ મહુવાગરા (જમાઈ)
ઉર્વી મિતુલ ચીમના (પુત્રવધુ)
કિષ્ણા વિષ્ણુકુમાર મહુવાગરા (પુત્રી)
વૃશાંક - નાવ્યા
તથા સમસ્ત ચીમના પરિવાર